# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૦ તા.૧૮-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તમામ શાળાઓમાં કોવિડ-૧૯ અંતર્ગતની આદર્શ આચારસંહિતાનું ચૂસ્તપાલન કરવા બાબત.

સંદર્ભ :- ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદ પરિપત્ર નં. ૧૦૫ તા.૨૧-૧૧-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૦૨-૦૯-૨૦૨૧ થી ધો.૬ થી ૮ના વર્ગોમાં વિદ્યાર્થીઓનું પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થયેલ છે. તથા તા.૨૨/૧૧/૨૦૨૧ને સોમવાર થી ધો.૧ થી ૫ના વર્ગો માટે પ્રત્યક્ષ શિક્ષણકાર્ય પુનઃશરૂ કરવામાં આવેલ છે. શિક્ષકો, બિન શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદના પરિપત્ર નં. ૧૦૫ તા.૨૧-૧૧-૨૦૨૧ની **સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા પુનઃ જણાવવામાં આવે છે** તેમજ નીચેની બાબતોના ચૂસ્ત અમલ કરવાનો રહેશે.

- કોવિડ-૧૯ અંતર્ગતની આદર્શ આચારસંહિતાનું ચૂસ્તપાલન કરવાનું રાખવું.
- તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પા.પા.,પગી/સિક્યુરીટી એ ફરજિયાત માસ્ક પહેરવું તથા જરૂર જણાય ત્યાં સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- વર્ગખંડમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થામાં નિયમોનુંસારનું ડીસ્ટન્સ ફરજિયાત જાળવવું.
- પ્રાર્થના, સાંસ્કૃતિક કાર્યક્રમો, જાહેર કાર્યક્રમો કે જેમાં વિદ્યાર્થીઓનો સમુહ ભેગો થતો હોય તેવા તમામ કાર્યક્રમો બિલકુલ કરવા નહી.
- વાલીની સંમતિ વગર એકપણ વિદ્યાર્થી શાળામાં ન આવે તે સુનિશ્ચિત કરવું.
- કોઈપણ સંજોગોમાં કોઈપણ વર્ગ કે શાળામાં ૫૦% થી વધારે વિદ્યાર્થી સંખ્યા હાજર ન રહે તે સુનિશ્ચિત કરવું.
- જો કોઈપણ વિદ્યાર્થી, શિક્ષક ,પા.પા. કે પગીને શરદી, તાવ કે ખાંસીના લક્ષણ જણાય તો તેને તે જ દિવસે નજીકના સરકારી કે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય કેન્દ્ર ઉપર તાત્કાલિક મોકલીને તેનો જરૂરી ઉપચાર થાય તે સુનિશ્ચિત કરવું.
- જો કોઈપણ વિદ્યાર્થી, શિક્ષક ,પા.પા. કે પગી/સિક્યુરીટીને કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાય તો તાત્કાલિક તેનું નિદાન થાય, ઉપચાર કરવામાં આવે અને તેની જાણ સુપરવાઈઝરશ્રી, મદદનીશ શાસનાધિકારીશ્રી તથા અત્રેની મુખ્ય કચેરીને જાણ કરવાની રહેશે.

કોરોના સંક્રમણને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સતત પ્રયત્નશીલ છે. આપણે સૌ પણ આપણી ફરજ નિભાવીને આપણા સૌના આરોગ્યની કાળજી રાખીએ.

તા.૧૮-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ<br>શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૦-A તા.૧૮-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ક્વિઝ મહાઅભિયાનોના આયોજન બાબત.
સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૪૯૫૩-૧૫૦૪૦ તા.૧૭-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી નિમિત્તે ક્વિઝ જેવા રસપ્રદ માધ્યમથી વિવિધ પ્રેરણાદાયી વ્યક્તિઓ અને વિષયોનું જ્ઞાન બાળકોને મળે તે માટે ગુજરાત રાજય શિક્ષણ મંત્રાલયના સહયોગથી EDUTOR APP દ્વારા વિવિધ રાષ્ટ્રવ્યાપી QUIZ અભિયાનોનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથે સામેલ EDUTOR APP (FREE APP) ના ઉપક્રમે મહત્વની સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતોને સાંકળેલી વિગતો સહ ઓનલાઈન QUIZ મહાઅભિયાનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૧૪૯૫૩-૧૫૦૪૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૭/૧૨/૨૦૨૧

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત ક્વિઝ મહાઅભિયાનોના આયોજન બાબત.
**સંદર્ભઃ**- માન. મંત્રીશ્રી શિક્ષણના કાર્યાલયનો પત્ર ક્રમાંકઃ- શિક્ષણ, વિ.પ્રૌ/P3/548/૨૦૨૧ તા. ૧૦/૧૨/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, 'આઝાદી કા અમૃત મહોત્સવ' ની ઉજવણી નિમિત્તે ક્વિઝ જેવા રસપ્રદ માધ્યમથી વિવિધ પ્રેરણાદાયી વ્યકિતઓ અને વિષયોનું જ્ઞાન બાળકોને મળે તે હેતુસર ગુજરાત રાજય શિક્ષણ મંત્રાલયના સહયોગથી EDUTOR APP દ્વારા વિવિધ રાષ્ટ્રવ્યાપી QUIZ અભિયાનોનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથે સામેલ EDUTOR APP (FREE APP) ના ઉપક્રમે મહત્વની સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતોને સાંકળેલી વિગતો સહ ઓનલાઇન QUIZ અભિયાનમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લેવા બાબતે આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યાગિકીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

**અંગત સચિવ**

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા., ગાંધીનગર
16 DEC 2021
આવક નં. ૧૬૩૮૨
શાખા : ૨૦૬૮૭

સત્યમેવ જયતે

ક્રમાંક : શિક્ષણ, વિ.પ્રો./PS/548/૨૦૨૧

**મંત્રીશ્રી,**
**શિક્ષણ, (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ),**
**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, વિજ્ઞાન અને**
**પ્રૌદ્યોગિકીનું કાર્યાલય**
ગુજરાત રાજ્ય
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

તારીખ: 10 DEC 2021

**શ્રીમાન,**

"**આઝાદી કા અમૃત મહોત્સવ**"ની ઉજવણી નિમિત્તે આ સાથે સામેલ EDUTOR APP (FREE APP)ના ઉપક્રમે મહત્વની સાંસ્કૃતિક અને શૈક્ષણિક બાબતોને સાંકળેલી વિગતો સહ ઓનલાઇન QUIZ નું આયોજન કરેલ છે, તેમાં રાજયની શાળાઓના શિક્ષકો તથા વિદ્યાર્થી દ્વારા ભાગ લેવામાં આવે તે સુનિશ્ચિત કરવા આપની કક્ષાએથી ઘટતી કાર્યવાહી કરવા તથા જિલ્લા કક્ષાની કચેરીઓને આપના વહીવટી નિયંત્રણ હેઠળની જરૂરી સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(મહેશ પ્રજાપતિ)

**પ્રતિ,**

**(૧) કમિશ્નરશ્રી શાળાઓ,**
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નંબર–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
જૂના સચિવાલય, ગાંધીનગર

**(૨) નિયામકશ્રી,**
પ્રાથમિક શિક્ષણ,
બ્લોક નંબર–૧૨/૧, પહેલો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર

15 DEC 2021

**(૩) નિયામકશ્રી,**
જી.સી.ઇ.આર.ટી. , સેક્ટર–૧૨, ગાંધીનગર

**નકલ રવાના–**

**(૧) સચિવશ્રી,(પ્રાથમિક અને માધ્યમિક),**
શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર

**(૨) સંચાલકશ્રી, એડયુટર એપ.**

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨૫૦૧૧૧, ૨૩૨૫૦૧૧૫ (ફેક્સ) ૨૩૨૫૧૯૭૯
**E-mail :** min-education@gujarat.gov.in

Scanned by CamScanner

10/12/2021
આઉ.નં./ Edutor/01

# Edutor App

માનનીય શિક્ષણમંત્રીશ્રી,
જીતુભાઇ વાઘાણી સાહેબ,

**વિષય: આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ક્વિઝ મહાઅભિયાનોનાં આયોજન સંદર્ભે**

નમસ્તે
માનનીય શિક્ષણમંત્રીશ્રી,
સરદાર પટેલ ક્વિઝ મહાઅભિયાનની અભૂતપૂર્વ સફળતા પછી દર મહિને આ મુજબના અભિયાન કરવાના આપના સૂચનને ધ્યાનમાં લઈને ક્વિઝ જેવા રસપ્રદ માધ્યમથી વિવિધ પ્રેરણાદાયી વ્યક્તિઓ અને વિષયોનું જ્ઞાન રાજ્યના પ્રત્યેક બાળકને મળે એવા હેતુસર આવનારા સમયમાં ગુજરાત રાજ્ય શિક્ષણ મંત્રાલયનાં સહયોગથી એડ્યુટર એપ દ્વારા વિવિધ ક્વિઝ અભિયાનનું આયોજન કરવા ઇચ્છીએ છીએ. 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત આવનારા સમયમાં વિવિધ 11 રાષ્ટ્રવ્યાપી અભિયાનોનું આયોજન કરેલ છે.

1. **સંસ્કૃત ઉત્સવ ક્વિઝ મહાઅભિયાન** (6 ડિસેમ્બર થી 20 ડિસેમ્બર, 2021 સુધી)
ભારતની સંસ્કૃતિની ભવ્ય વિરાસત તરીકે સંસ્કૃતનું જ્ઞાન દેશના પ્રત્યેક બાળક સુધી પહોચાડવા માટે રાષ્ટ્રવ્યાપી સંસ્કૃત ઉત્સવ ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

2. **શ્રીમદ્ ભગવદ્ ગીતા ક્વિઝ મહાઅભિયાન** (14 ડિસેમ્બર થી 24 ડિસેમ્બર, 2021 સુધી)
શ્રીમદ્ ભગવદ્ ગીતાનું દિવ્ય જ્ઞાન પ્રત્યેક બાળક સુધી ક્વિઝનાં માધ્યમથી પહોંચે અને એ ગીતાના સારને સમજે એ હેતુસર શ્રીમદ્ ભગવદ્ ગીતા ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

3. **ક્લાઈમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ ક્વિઝ અભિયાન** (21 ડિસેમ્બર થી 30 ડિસેમ્બર, 2021 સુધી)
વર્તમાન વિશ્વના સૌથી મોટા પડકાર એવાં ક્લાઈમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ માટે બાળકમાં જાગૃતિ આવે અને સંભવિત ઉકેલ માટે વિચારતું થાય એવા ઉદ્દેશથી રાષ્ટ્રવ્યાપી ક્વિઝ અભિયાનનું આયોજન.

4. **સ્વામી વિવેકાનંદ ક્વિઝ મહાઅભિયાન** (1 જાન્યુઆરી થી 15 જાન્યુઆરી, 2022 સુધી)
રાષ્ટ્રીય યુવા દિન નિમિત્તે દેશનું ભવિષ્ય એવા બાળકો સુધી સ્વામી વિવેકાનંદનાં પ્રેરણાદાયી વિચારો પહોંચે એવા ઉદ્દેશથી રાષ્ટ્રવ્યાપી ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

Edutor App, Palanpur, Banaskantha, 385001
Contact:- 9638036545 | Mail :- mail@edutorapp.com

Scanned by CamScanner

Edutor App

5. **ભવ્ય ભારત ઉત્સવ ક્વિઝ મહાઅભિયાન** (20 જાન્યુઆરી થી 30 જાન્યુઆરી, 2022 સુધી)
દેશનું દરેક બાળક દેશની ભવ્ય સંસ્કૃતિ, ઇતિહાસ, વિવિધતા અને પ્રગતિ વિશે જાણે અને એનામાં દેશભકિતની ભાવના જાગૃત થાય એવા ઉદ્દેશથી રાષ્ટ્રવ્યાપી ભવ્ય ભારત ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

6. **JEE-NEET મોક એક્ઝામ અભિયાન** (ફેબ્રુઆરી અને માર્ચ)
JEE-NEET ની પરીક્ષાને અનુલક્ષીને વિદ્યાર્થીઓને મદદ મળી રહે તેવા ઉદ્દેશથી રાજ્યના ધોરણ 11-12 નાં બધા શિક્ષકો એડ્યુટર એપ પર પોતાની પ્રોફાઈલ પર એક જ સમયે JEE-NEET મોક એક્ઝામનું આયોજન કરે એવું અભિયાન.

7. **ધોરણ 10 બોર્ડ મોક એક્ઝામ અભિયાન** (માર્ચ)
ધોરણ 10 માં ભણતા રાજ્યના હજારો બાળકોને બોર્ડની પરીક્ષાની તૈયારીમાં મદદ મળી રહે એવા હેતુસર રાજ્યના ધોરણ 10 માં ભણાવતા તમામ શિક્ષકો વ્યક્તિગત રીતે એડ્યુટર એપ પર મોક એક્ઝામનું આયોજન કરે એવું અભિયાન.

8. **ડૉ. આંબેડકર ક્વિઝ મહાઅભિયાન** (10 એપ્રિલ થી 20 એપ્રિલ 2022 સુધી)
ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરના આદર્શો અને વિચારોને ભારતના પ્રત્યેક બાળક સુધી પહોચાડવાના ઉદ્દેશથી દેશભરમાં ડૉ. આંબેડકર ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

9. **ગુજરાત દિવસ ક્વિઝ મહાઅભિયાન** (25 એપ્રિલ થી 5 મે સુધી)
ગુજરાતના ગૌરવ, વારસો અને સંસ્કૃતિને રાજ્યના દરેક બાળક સુધી પહોંચાડીને ગુજરાત દિવસની ઉજવણી હેતુ ગુજરાત દિવસ ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

10. **માતૃભાષા ગુજરાતી ક્વિઝ મહાઅભિયાન** (10 મે થી 25 મે સુધી)
ગુજરાતી ભાષાના સંવર્ધન, પ્રચાર અને દરેક બાળક ગુજરાતી ભાષા પર ગર્વ અનુભવે એ હેતુ ગુજરાતથી ભાષાના જ્ઞાનને દરેક બાળક સુધી લઈ જવા ક્વિઝ મહાઅભિયાનનું આયોજન.

11. **વિશ્વ પર્યાવરણ દિવસ ક્વિઝ મહાઅભિયાન** (1 જૂન થી 10 જૂન, 2021 સુધી)
લોકોમાં પર્યાવરણ અને તેના મહત્વ અંગેની સમજ અને પ્રકૃતિના રક્ષા કરવા માટે જાગૃતતા ફેલાવવાના ઉદ્દેશથી એડ્યુટર એપ દેશભરમાં પર્યાવરણ દિવસ ક્વિઝ મહાઅભિયાનનું આયોજન કરશે. દરેક રાજ્યના મહત્તમ બાળકો આ અભિયાનમાં ભાગ લે એ હેતુસર કેન્દ્ર અને રાજ્યોના શિક્ષા અને પર્યાવરણ મંત્રાલયને અભિયાનમાં જોડવામાં આવશે.

Edutor App, Palanpur, Banaskantha, 385001
Contact:- 9638036545 | Mail :- mail@edutorapp.com

Scanned by CamScanner

# Edutor App

- રાજ્ય સ્તર પર શ્રેષ્ઠ દેખાવ કરનાર 5 શિક્ષકો અને 5 વિદ્યાર્થીઓને માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે સમ્માનિત કરવામાં આવે.
- પ્રત્યેક અભિયાન દીઠ જિલ્લા સ્તર પર શ્રેષ્ઠ દેખાવ કરનાર 10 શિક્ષકો અને 10 વિદ્યાર્થીઓને અભિનંદન કાર્ડ મોકલવામાં આવશે.

અમે ઇચ્છીએ છીએ કે આપના નેતૃત્વ હેઠળ શિક્ષણ મંત્રાલયના સક્રિય પ્રયત્નો થકી એડ્યુટર એપના ઉપરોક્ત 11 અભિયાનોમાં સરકારી શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાય.

જય હિંદ.

અંકિત ઠાકોર



Scanned by CamScanner